# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-04-2024** | **Evening : 7.10 to 7.20pm**
**Day : Saturday** | **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- ➢ રાજ્યની 25 લોકસભા અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે પ્રચાર કાર્ય વેગવંતુ બન્યું છે.
- ➢ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી સહિત અન્ય રાજકીય પક્ષોના અગ્રણીઓએ રાજ્યના પ્રવાસ દરમિયાન ચૂંટણી સભાઓ યોજી.
- ➢ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ મતદાન સ્ટાફને ભારતની ચૂંટણી પ્રક્રિયાની કરોડરજ્જુ ગણાવી છે.
- ➢ અમદાવાદમાં પોસ્ટલ બેલેટના આદાન-પ્રદાન માટે દ્વિતીય એક્સચેન્જ મેળો યોજાયો.
- ➢ ગુજરાત આતંકવાદી વિરોધી દળ અને નાર્કોટીક્સ કન્ટ્રોલ બ્યુરોએ ગાંધીનગરના પીપળજમાંથી ડ્રગ્સની ફેક્ટરી ઝડપી પાડી છે.
- ➢ રાજ્યમાં ફરી એકવાર ગરમીનો પારો વધી શકે તેવી શક્યતા હવામાન વિભાગે કરી છે.

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. CAMPNING

રાજ્યની 25 લોકસભાની અને વિધાનસભા ખાલી પડેલી પાંચ બેઠકો માટે સમગ્ર રાજ્યમાં પ્રચાર કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓએ આજે ગુજરાતમાં વિવિધ સ્થળે પોતાના ઉમેદવારોના સમર્થનમાં જાહેર સભાઓ, બેઠકો અને રોડ શો યોજ્યા હતા.

ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે આજે ગુજરાતના પોરબંદર, ભરૂચ અને પંચમહાલમાં ચૂંટણી રેલીઓને સંબોધી હતી.

ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળ દરમિયાન ભારત વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાં સામેલ થશે. આજે ગુજરાતના પોરબંદરમાં એક જાહેર રેલીને સંબોધતા શ્રી શાહે કલમ 370 નાબૂદ કરવા, રામ મંદિરનું નિર્માણ, આતંકવાદ અને નક્સલવાદના ખતરાનો સફળ સામનો કરવા અને શાંતિ લાવવા જેવા ઐતિહાસિક નિર્ણયો માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને શ્રેય આપ્યો હતો. શ્રી શાહે કોંગ્રેસ પક્ષની તેની ધ્રુવીકરણ નીતિઓ અને વોટ બેંકની રાજનીતિ માટે ટીકા કરી હતી. તેમણે દેશમાં હાલના યાત્રા સ્થળોને પુનઃ જીવિત કરવા બદલ નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી.

(BYTE _ AMIT SHAH)

પંચમહાલમાં એક રેલીને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે ભાજપ સરકાર સત્તામાં આવ્યા બાદ સમાન નાગરિક સંહિતા લાગુ કરશે. શ્રી શાહે તુષ્ટિકરણ અને વોટ બેંકની રાજનીતિ માટે વિપક્ષ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે ભારતને

આતંકવાદથી મુક્ત કરાવ્યું છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, ભાજપ સરકાર ગરીબ અને સીમાંત લોકો સહિત સમાજના તમામ વર્ગોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે.

અગાઉ, ભરૂચમાં એક રેલીને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે ભાજપ સરકારે દેશમાં આદિવાસી લોકો માટે માત્ર બજેટમાં જ વધારો કર્યો નથી પરંતુ આદિવાસીઓ માટે શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓમાં પણ વધારો કર્યો છે. તેમણે લોકોને ખાતરી આપી હતી કે ભાજપ સરકાર આદિવાસીઓના મૂળભૂત અધિકારો છીનવશે નહીં. ગુજરાતની મુલાકાતે આવેલા શ્રી શાહ વડોદરામાં રોડ શો પણ કરવાના છે.

------------

## VALSAD-PRIYANKA GANDHI

બીજી તરફ, કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે વલસાડ જિલ્લાના ધરમપુરમાં એક રેલીને સંબોધિત કરી હતી, જ્યાં તેમણે છેલ્લા 10 વર્ષથી ગરીબ અને આદિવાસી લોકો પ્રત્યેના અન્યાય માટે ભાજપ સરકારની ટીકા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જો કોંગ્રેસ પક્ષ સત્તામાં આવશે, તો તે આદિવાસી લોકો માટે વિશેષ બજેટ ફાળવશે અને તેના ઢંઢેરામાં ખાતરી આપ્યા મુજબ ગરીબો, ખેડૂતો અને દલિત લોકોના કલ્યાણ માટે કામ કરશે. તેમણે મોંઘવારી અને બેરોજગારી જેવા જટિલ મુદ્દાઓ પર પણ શાસક પક્ષ પર પ્રહારો કર્યા.

(બાઇટ- પ્રિયંકા ગાંધી)

.................

## SANJAY SINH - AAP

આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહે ભરૂચ લોકસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ચૈતર વસાવાના સમર્થનમાં  અંકલેશ્વરમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો.

આ પ્રસંગે  સંજયસિંહે ભાજપ સામે આક્ષેપ કર્યો હતો કે  આદિવાસી સમાજના નેતા ચૈતર વસાવાને ખોટા કેસમાં જેલમાં મોકલી દીદા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ છે અને રહેશે. ચૂંટણી પ્રચારમાં આમ આદમી પાર્ટીના અગ્રણીઓ જોડાયા હતા.

------------

## GUJARAT CHUNTANI PRACHAR

જાણીતા ફિલ્મ અભિનેતા અનુપમ ખેરે ગાંધીનગરમાં મહાત્મા ગાંધી મંદિરે યોજાયેલા એક કાર્યક્રમમાં  હાજરી આપી હતી.

આ પ્રસંગે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે તમામ લોકોને મોટી સંખ્યામાં મતદાન કરવાની અપીલ કરી હતી. તેમણે રામ મંદિરને ભારતની ધરોહર ગણાવ્યું હતું, અને દેશના તમામ નાગરિકોને રામ મંદિરના દર્શન કરવાની વાત કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે ભારતે વિશ્વ કક્ષાએ એક અલગ ઓળખ ઉભી કરી છે.

આવતીકાલે કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંહની ઉપસ્થિતિમાં અમદાવાદના વસ્ત્રાલમાં ઉત્તર ભારતીય સંમેલન તથા સાંજે મેઘાણીનગરમાં બિહાર સમાજનું સંમેલન, તથા નિકોલમાં કર્ણાટક સમાજનું સંમેલન યોજાશે.

જેમાં મોટી સંખ્યામાં વિવિધ સમાજના લોકો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં અમદાવાદ શહેર અને જિલ્લાના ભાજપ અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

----------------

## C.R.PATIL - BANASKANTHA

લોકસભાની ચૂંટણીને લઇને કોંગ્રેસ અને ભાજપના પ્રદેશના અને રાષ્ટ્રીય અગ્રણીઓ આજે સવારથી જ રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં સઘન ચૂંટણી પ્રચારમાં જોડાયા છે.

બનાસકાંઠાના દિયોદરના જાડા ગામે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે ભાજપના ઉમેદવાર રેખાબેન ચૌધરીના સમર્થનમાં જાહેરસભાને સંબોધીને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.

...................................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર માટે આકાશવાણી અમદાવાદના X હેન્ડલ airnews_abd ને ફોલો કરી શકો છો.

.......................................

## GUJARAT POLLING STAFF

રાજ્યમાં આગામી સાતમી મે ના રોજ યોજાનાર મતદાનમાં ચાર લાખ જેટલા સરકારી અધિકારીઓ-કર્મચારીઓ ફરજ બજાવશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ કહ્યું છે કે મતદાન સ્ટાફ એ ભારતની ચૂંટણી પ્રક્રિયાની કરોડરજ્જુ છે. ચૂંટણી સ્ટાફની પ્રતિબદ્ધતા, સમર્પણ અને સખત મહેનત સુનિશ્ચિત કરે છે કે ચૂંટણી નિષ્પક્ષ, મુક્ત અને પારદર્શક રીતે યોજાય છે. ચૂંટણી સ્ટાફ મતદાનના દિવસે વહેલી સવારે મતદાન એજન્ટોની હાજરીમાં મોકપોલ કરીને ચૂંટણી જાહેર કરે, ત્યારથી લઇને આખો દિવસ મતદારોને આવકારે, સમજણ આપે અને કોઇ મૂંઝવણ હોય તો શાંતિથી સમજાવે. મતદાન પૂર્ણ થયા પછી બધા જ પત્રકો તૈયાર કરી રીસીવીંગ સેન્ટરે પહોંચીને ઇવીએમ અને બાકીની ચૂંટણી સામગ્રી જમા કરાવે.

અત્રે ઉલ્લેખનીય છે કે પોલીંગ સ્ટાફ પૈકીના ઘણા કર્મચારીઓને અનેક આરોગ્યની સમસ્યાઓ હોવા છતાં ચૂંટણીમાં સતત 36 કલાક કામ કરે છે. ચૂંટણી પંચના આ પાયાના સૈનિકો ગમે તેવી પરિસ્થિતિમાં પણ પોતાની ફરજ નિભાવવા તત્પર હોય છે.

------------

## POSTAL BALLOT EXCHANGE FAIR

ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટના આદન-પ્રદાન માટે અમદાવાદ ખાતે દ્વીતિય એક્સચેન્જ મેળો યોજાયો હતો.

અમદાવાજના પંડિત દિનદળાય ઉપાધ્યાય ઑડિટોરિયમ ખઆતે મેળાનું આયોજન કરાયું હતું. અમદાવાદમાં પશ્ચિમ લોકસભા બેઠકના જનરલ ઑબ્ઝર્વર પુનિત યાદવે મેળાની મુલાકાત લઈ ચૂંટણી ચંત્ર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા નિહાળી હતી. ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ મતદાનથી વંચિત ન રહી જાય એ માટે ભારતીય ચૂંટણી પંચ દ્વારા તેમને પોસ્ટલ બેલેટથી મતદાનની સુવિધા અપાઈ છે. જેમાં અગાઉ ભરવામાં આવેલા ફોર્મેટને આધારે તેમની માટે પોસ્ટલ બેલેટનું આદાન -પ્રદાન કરવામાં આવ્યું.

------------

## GUJARAT ATS

ગુજરાત આતંકવાદી વિરોધી દળ અને નાર્કોટીક્સ કન્ટ્રોલ બ્યુરોએ ગાંધીનગરના પીપળજમાંથી ડ્રગ્સની ફેક્ટરી ઝડપી પાડી છે. આ ફેક્ટરીમાંથી કાચું ડ્રગ્સ પણ મળી આવ્યું છે, તેમજ 10 થી વધુ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

એટીએસ અને એન.સી.બી.એ સંયુક્ત ઓપરેશનમાં પીપળજમાં રેડ પાડી હતી. ગુજરાત અને રાજસ્થાન મળીને ત્રણ જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. પીપળજમાંથી ડ્રગ્સની ફેક્ટરીમાંથી વિવિધ પ્રકારના ડ્રગ્સ માટેનું કાચુ સામાન તૈયાર કરવામાં આવતું હોવાની માહિતી મળી હતી. અહીં તૈયાર થતાં ડ્રગ્સને રાજ્ય તથા અન્ય દેશોમાં મોકલવામાં આવતું હતું. આ અંગે વધુ તપાસ શરૂ થઇ છે.

----------------

## GUJ. WEATHER

રાજ્યમાં ફરી એકવાર ગરમીનો પારો વધી શકે તેવી શક્યતા હવામાન વિભાગે કરી છે. આગામી ચાર દિવસમાં વિવિધ જિલ્લાઓમાં લૂની સ્થિતિ રહેશે. હવામાન વિભાગ અનુસાર આગામી ચાર દિવસમાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં હવામાન સૂકું રહેશે. જેને કારણે ગરમીનો પારો સતત ઉપર જઈ રહ્યો છે. આજે ભયંકર ગરમી બાદ રાજ્યના વિવિધ ભાગોમાં કમોસમી વરસાદની સ્થિતિ સર્જાઈ હતી. જેમાં દક્ષિણ ગુજરાતમાં મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત તેમજ તાપીના અંતરિયાળ વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ વરસ્યો હતો.

આ સાથે જ વિવિધ જિલ્લાઓમાં મહત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો હતો. જેમાં સૌથી વધારે તાપમાન રાજકોટમાં 41 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. તો સુરેન્દ્રનગર, કેસોદ અને અમરેલીમાં 40 ડિગ્રી સેલ્સિયસ જેટલું તાપમાન નોંધાયું હતું.

------------

## MATDAN JAGRUTI-DISTRICT -1

રાજ્યમાં લોકસભા ચૂટણીને લઈ તંત્ર દ્વારા મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે જે અંતર્ગત  તાપી જિલ્લા ચૂંટણી અધિકારી ડૉ. વિપિન ગર્ગના નેજા હેઠળ "રન ફોર વોટ" ના

આયોજન અંગેની બેઠક યોજાઇ હતી આગામી 5 મે, ના રોજ સવારે સાડા 6 વાગ્યે તાપી જિલ્લાના વ્યારા સયાજી ગ્રાઉન્ડ ખાતે મતદાન જાગૃતિ અંગે "રન ફોર વોટ" માં 2 કિ.મી. તથા 5 કિ.મી.ની દોડનું આયોજન કરાયું છે.

કચ્છ જિલ્લામાં ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા 15 દિવસીય મતદાન જાગૃતિ કાર્યક્રમ અન્વયે સમગ્ર જિલ્લામાં સેલ્ફી કેમ્પેનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તંત્ર તૈયાર કરવામાં આવેલા વિશેષ સેલ્ફી પોઇન્ટ કે જે દરેક વિધાનસભા વિસ્તારોમાં મુકવામાં આવ્યા છે ત્યાં મોટા પ્રમાણમાં યુવાનોએ સેલ્ફી પડાવીને મતદાન માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.સમગ્ર અભિયાનમાં ૩હજાર થી  વધુ યુવા મતદારો જોડાયા હતા.

લોકસભા ચુંટણીમાં મતદાન પ્રત્યે જાગૃતિના આશયથી મોરબીની જે.એ. પટેલ મહિલા કોલેજ દ્વારા મતદાન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના સ્ટાફગણ અને વિદ્યાર્થીનીઓ મતદાન જાગૃતિ રેલીમાં જોડાયા હતા.

કેન્દ્રીય સંચાર બ્યુરો અને વહીવટી તંત્ર દ્વારા ભાવનગરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે  યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમયોજાયોહતો જેમાં ચૂંટણીલક્ષી સ્પર્ધા અને સંવાદમાં યુવા  મતદારો એ ભાગ લીધો હતો.

..2..

ખેડા જિલ્લામાં હાઇવે પર કાર્યરત હિન્દુસ્તાન કોકા-કોલા બેવરેજીસ પ્રાઇવેટ લિમિટેડ કંપની, ગોબલેજ ખાતે મતદાન જાગૃતિ કેમ્પેઈન યોજાયો. જેમાં ૩૦૦થી વધુ કર્મચારીઓએ અચૂક મતદાન કરવાના શપથ લીધા હતા. ઉપરાંત સિગ્નેચર કેમ્પેઇનમાં પણ જોડાયા હતા. ખેડા લોકસભા બેઠક ની મહુધા વિધાનસભાનાં ચુણેલ અને અલીણા ગામે લોક કલા ભવાઈ થકી મતદારોને મતદાન કરવા પ્રેરણા આપવામાં આવી.

---------

## SNR-DIVYANG MATDAR

સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૮૫ વરસથી વધુ વયના નાગરિકો તેમજ દિવ્યાંગ મતદારોને આગામી ૭મી મેના રોજ મતદાન મથક સુધી મતદાન કરવા માટે જવું ના પડે, એના માટે તેઓ ઘેર બેઠા જ બેલેટ પેપરથી મતદાન કરી શકે એ માટે એમની પાસે અગાઉથી જરૂરી ફોર્મ ભરાવામાં આવ્યા હતા. લખતર તાલુકા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી પંચના આદેશ અનુસાર લખતર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ૮૫ વર્ષથી વધુ વયના નાગરિકો તેમજ દિવ્યાંગ મતદારોનુ બેલેટ પેપરથી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.